ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૭/૨૦–૨૧/ 1430 તારીખ : 06 MAY 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી મારૂ નિતિનભાઈ પ્રવિણભાઈ,**
**પ્લોટ નં–૩૧, નારી રોડ,**
**ઠક્કરબાપા સોસાયટી,**
**કુંભારવાડા,**
**ભાવનગર.**
**મો.નં.૯૭૨૩૮ ૦૦૮૧૭**

કેસ નં.૮૭/૨૦–૨૧

**વિષય : નવું થ્રી(૩) ફેઈઝ કનેકશન ન મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૩/૦૨/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૩/૦૨/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૭/૨૦–૨૧/૪૬૨ તા.૦૫/૦૨/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૭/૨૦–૨૧/૮૭૪ તા.૧૨/૦૩/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૫/૦૩/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી–૧, **ભાવનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **કુંભારવાડા.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૮૭/૨૦–૨૧** ☜

વાદી :– **શ્રી મારૂ નિતિનભાઈ પ્રવિણભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૫/૦૩/૨૦૨૧** ◈

હાજર રહયા :– **શ્રી મારૂ નિતિનભાઈ પ્રવિણભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી ટી.એમ.પંડયા,કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી મારૂ નિતિનભાઈ પ્રવિણભાઈ,મું.ભાવનગર ની નવું થ્રી(૩) ફેઈઝ કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૭/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૭/૨૦–૨૧/૪૬૨ તા.૦૫/૦૨/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૫/૦૩/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી મારૂ નિતિનભાઈ પ્રવિણભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી ટી.એમ.પંડયા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદારશ્રી મારૂ નિતિનભાઈ પ્રવિણભાઈ દ્વારા પ્લોટ નં–૩૯, ઠકકરબાપા સોસાયટી, નારી રોડ, કુંભારવાડા, ખાતે નવું થ્રી(૩) ફેઈઝ ઔધોગીક વિજ કનેકશન (૫.૦ કિ.વો) માટેની અરજી કુંભારવાડા પેટા વિભાગીય કચેરી, ખાતે કરવામાં આવેલ.

૧.૨ અરજદાર જણાવે છે કે, તેમને કુંભારવાડા પેટા વિભાગીય કચેરી દ્વારા નવું ઔધોગીક હેતુનું કનેકશન ફાળવવામાં આવતું નથી.

૧.૩ અરજદારશ્રી જણાવે છે કે, સબ ડિવિઝન દ્વારા તેમને અધૂરા દસ્તાવેજી પુરાવાની પૂર્તતા કરવા માટેનો પત્ર લખેલ, જેની અરજદારશ્રી દ્વારા પૂર્તતા કરવા છતાં, પેટા વિભાગીય કચેરી દ્વારા તેમને કનેકશન ફાળવવામાં આવતું નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

૧.૪ અરજદારશ્રી જણાવે છે કે,અગાઉ અમારી સોસાયટીમાં ૧૦ નવા ૩ ફેઝ જોડાણ આપવામાં આવેલ છે તેમજ પ્લો.ન. ૩૮માં ૨ માસ પહેલા નવું ૩ ફેઝ કનેક્શન આપવામાં આવેલ છે જે –તે સમયે અગાઉના કનેક્શન ધારકો પાસેથી " ના વાંધા પ્રમાણપત્ર " રજુ કરવામાં આવેલ નથી.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ અરજદારશ્રી નવા ૩(થ્રી) ફેઈઝ ઈન્ડ.કનેકશન ની માંગણી જરૂરી A-1 ફોર્મ સાથે જોડવામાં આવેલ દસ્તાવેજોની ચકાસણી કરતાં, તેમાં કંપની ના પરિપત્ર નં–પીજીવીસીએલ/કોમ/૨૬૦૭ તા.૨૧/૩/૨૦૨૧ મુજબના દસ્તાવેજો નું બિડાણ કરેલ ન હોય, સંદર્ભ પત્ર નં–કેડબલ્યુએસડી/બિલીંગ/૭૧ તા.૭/૧/૨૦૨૧ થી દસ્તાવેજો પૂર્તતા કરવા માટે અરજદારશ્રી ને જણાવવામાં આવેલ.

૨.૨ વધુમાં, શ્રી ઠકકરબાપા વણકર નિવાસ સોસાયટી ઘર બાંધનારી સહકારી મંડળી લીમીટેડ ના તા.૭/૧૧/૨૦૨૦ પ્રમુખ/મંત્રી ની લેખિત અરજી સાથે બિડાણ કરેલ ઠરાવમાં જણાવ્યા મુજબ કે, '' <u>નવા વિજ કનેકશન સોસાયટી ના પ્રમુખ ની સંમતિ વગર ન આપવા</u> '' ની જાણ મંડળી દ્વારા કુંભારવાડા કચેરી ને તા.૯/૧૧/૨૦૨૦ ના રોજ કરેલ.

૨.૩ અરજદારશ્રી દ્વારા માંગવામાં આવેલ થ્રી(૩) ફેઈઝ ઈન્ડ.કનેકશન શ્રી ઠકકરબાપા વણકર નિવાસ ઘર બાંધનારી સહકારી મંડળી ના પ્લોટ નં–૩૧ માં માંગણી કરવામાં આવેલ.જે બાબતે સદર સોસાયટી દ્વારા થ્રી(૩) ફેઈઝ ઈન્ડ. કનેકશન મંડળી ની મંજૂરી અને હેતુફેર કરી, રહેણાંક ના બદલે કારખાના ના કનેકશન ચાલુ કરવા બાબત સદર મંડળીની NOC વિના તેમજ સંદર્ભીત અનુસંધાન નં–પીજીવીસીએલ/કોમ/૨૬૦૭ તા.૨૧/૩/૨૦૨૧ EODB અન્વયે અરજદાર પાસેથી લે આઉટ પ્લાન તેમજ NOC ની માંગણી કરવામાં આવેલ.જે અન્વયે તેઓશ્રી દ્વારા લે આઉટ પ્લાન ની પૂર્તતા કરેલ.પરંતુ, NOC આપવામાં આવેલ નથી.

૨.૪ GERC સપ્લાય કોડ–૨૦૧૫ ના નોટીફીકશન નં–૪.૧૬ મુજબ નવા કનેકશન બાબતે જોઈતા જરૂરી દસ્તાવેજી આધાર પુરાવા નં–૩ થી ફાળવણી પત્ર અને નં–૫ થી માલીકો પાસેથી '' ના વાંધા પ્રમાણપત્ર '' રજૂ કરવાનું રહે છે. સદર સપ્લાય કોડ ની નકલ આ સાથે સામેલ છે.

૨.૫ આમ, ઉપરોકત દસ્તાવેજોની પૂર્તતા કરવાથી, કંપનીના નિયમો મુજબ અરજદારશ્રી ને માંગેલ વિજ જોડાણ આપવાની કાર્યવાહી થઈ શકે. જે આપશ્રી ને નિવેદીત થાય.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર શ્રી મારૂ નિતિનભાઈ પ્રવિણભાઈ, પ્લોટ નં–૩૧, ઠક્કરબાપા સોસાયટી, ભાવનગરમાં પ્રતિવાદી પાસે ૩(થ્રી) ફેઈઝ વિજ જોડાણ માટે અરજી કરતા, પ્રતિવાદીએ વિજ જોડાણ આપવા ની ના પાડેલ. જેથી, વાદીએ ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ પ્રતિવાદીએ વાદી પાસે ૩(થ્રી) ફેઈઝ ઔધોગીક વિજ જોડાણ માટે અરજી ફોર્મ સાથે GERC સપ્લાય કોડ–૪/૨૦૧૫ ના સેકશન – ૪.૧૬ મુજબ જરૂરી દસ્તાવેજ માંગેલ.

૩.૩ વાદીએ ઠક્કરબાપા વણકર સોસાયટી, ઘર બાંધનારી સહકારી મંડળી લી. પાસેથી ‘‘ ના વાંધા પ્રમાણપત્ર ’’ રજૂ કરવાનું હતું, કારણ કે, ઠક્કરબાપા વણકર સોસાયટી એ તા.૭/૧૧/૨૦૨૦ માં કરેલ ઠરાવ મુજબ, ‘‘ સોસાયટી ના પ્રમુખ ની મંજૂરી વગર વિજ જોડાણ આપવું નહી ’’ તેવો ઠરાવ કરેલ.

૩.૪ વાદીએ સહકારી મંડળી ના પ્લોટ નં–૩૧ માં થ્રી(૩) ફેઈઝ ઔધોગીક વિજ જોડાણ માંગેલ. જે સબબ સોસાયટી ના પ્રમુખે ‘‘ ના વાંધા પ્રમાણપત્ર ’’ આપેલ નહી. જેથી, પ્રતિવાદીએ વાદીને વિજ જોડાણ આપવાની ના પાડેલ.

૩.૫ ઠક્કર બાપા વણકર નિવાસ ઘર બાંધનારી સહકારી મંડળી એ તા.૭/૧૧/૨૦૨૦ ના તેમના ઠરાવ નં–૩ માં જણાવેલ છે કે, આ સોસાયટી ફક્ત રહેણાંક હેતુ માટે છે, તેથી ઔધોગીક વિજ જોડાણ આપવું નહી. તે મતલબ નો ઠરાવ પ્રતિવાદીએ રજૂ કરેલ છે.

૩.૬ ઉપર મુજબ ના દસ્તાવેજી પુરાવાઓ તેમજ GERC સપ્લાય કોડ–૪/૨૦૧૫ ના કલોઝ નં – ૪.૧૬ ને ધ્યાનમાં રાખતા,વાદીને ૩(થ્રી) ફેઈઝ ઔધોગીક વિજ જોડાણ માટે સહકારી મંડળી નું ‘‘ ના વાંધા પ્રમાણપત્ર ’’ રજૂ કરવું જરૂરી છે. તેથી પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી નિયમોનુસાર ની છે. અરજદાર દ્વારા ‘‘ ના વાંધા પ્રમાણપત્ર ’’ રજૂ થયેથી, પ્રતિવાદીએ કંપની ના નિયમોનુસાર ની કાર્યવાહી કરવી.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

−:: હુકમ ::−

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ−૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

ગેરહાજર
(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી.એસ.આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :− ૨૫/૦૩/૨૦૨૧.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.